# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્ય સહિત દેશભરના 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, યુવાશક્તિની સેવાઓથી વિકસિત ગુજરાત @ 2047ના નિર્માણમાં નવી ગતિ આવશે.**
3. **એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોએ અમદાવાદમાં થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના અંગે 15 પાનાનો પ્રારંભિક તપાસ અહેવાલ બહાર પાડ્યો.**
4. **રાજ્યમાં ટી.બી.ના નવા દર્દીઓની સંખ્યામાં 34 અને મૃત્યુદરમાં 37 ટકા ઘટાડો - કેન્દ્ર સરકારના 'સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ શ્રેણીમાં ગુજરાત પ્રથમ સ્થાને.**
5. **ભારતીય અંડર-20 મહિલા ફુટબોલ ટીમમાં રાજ્યની શુભાંગી સિંઘ અને ખુશ્બુ સરોજની પસંદગી કરાઈ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્ય સહિત દેશભરના વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 51 હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે. તેઓ આ પ્રસંગે યુવાનોને સંબોધન પણ કરશે. આ કાર્યક્રમ સરકારના રોજગાર મેળા અભિયાનનો એક ભાગ છે.

આજે 16મો રોજગાર મેળો દેશ ભરના વિવિધ 47 સ્થળોએ યોજાશે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આજે અમદાવાદ ખાતેના સરદાર પટેલ નેશનલ મેમોરિયલ ખાતે આયોજિત રોજગાર મેળામાં ઉપસ્થિત રહેશે અને નિમણુંક પત્રો એનાયત કરશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારના ઘણા મંત્રાલયો અને ઘણા વિભાગો માટે ભરતી કરવામાં આવી રહી છે. નવી ભરતી માટે દેશભરમાંથી પસંદ કરાયેલા લોકોને ગૃહ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શ્રમ અને રોજગાર અને પોસ્ટ વિભાગ અને અન્ય વિભાગોમાં નિયુક્ત કરવામાં આવશે. દેશભરમાં રોજગાર મેળા દ્વારા અત્યાર સુધીમાં દસ લાખથી વધુ નિમણૂક પત્રો જારી કરવામાં આવ્યા છે. રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવામાં અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભાગીદારી માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

---

# CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ એસ.ટી.માં નવી નિમણૂક મેળવેલા 763 મહિલા કંડક્ટર સહિત 2 હજાર 320

કંડક્ટર અને પાણી પુરવઠા બોર્ડમાં નવનિયુક્ત 144 અધિકારીઓને મહાત્મા મંદિરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં નિમણૂક પત્રો એનાયત કર્યા.

શ્રી પટેલે નવ યુવા માનવબળને ડેમોગ્રાફિક ડિવિડન્ડ ગણાવતા કહ્યું કે , આ યુવાશક્તિની સેવાઓથી વિકસિત ભારત @ 2047માટે વિકસિત ગુજરાત @ 2047ના નિર્માણમાં નવી ગતિ આવશે. આ કાર્યક્રમમાં જળ સંપત્તિ અને પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું હતું કે જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગમાં વિવિધ વિભાગોમાં અંદાજે ૩,૫૦૦ થી વધુ જગ્યાઓ પર ભરતી કરાશે.

---

# AIR-INDIA-CRASH-PRELIMINARY-REPORT

એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો ( AAIB) એ ગયા મહિને અમદાવાદમાં થયેલા એર ઇન્ડિયા વિમાન દુર્ઘટના અંગે ગઈકાલે રાત્રે 15 પાનાનો પ્રારંભિક તપાસ અહેવાલ બહાર પાડ્યો છે. અહેવાલમાં એર ઇન્ડિયાના બોઇંગ 787 વિમાન AI-171 ના એન્જિનની સ્થિતિ અને ઘટનાઓનો ક્રમ તપાસવામાં આવ્યો હતો.

તપાસ એજન્સીએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે ટેકઓફ થયાની થોડીક સેકન્ડમાં જ , વિમાનના બંને એન્જિન 1 સેકન્ડના અંતરાલ સાથે એક પછી એક 'રન' થી 'કટઓફ' સ્થિતિમાં ખસી ગયા અને બંધ થઈ ગયા

પ્રાથમિક તપાસ રિપોર્ટ અનુસાર , કોકપીટ વોઇસ રેકોર્ડર પર એક પાઇલટ બીજા પાઇલટને પૂછતો પણ સાંભળી શકાય છે કે તેણે ફ્યુઅલ સપ્લાય સિસ્ટમ કેમ બંધ કરી દીધી. આના જવાબમાં, પાયલોટે કહ્યું કે તેણે આવું કર્યું નથી. તપાસ

એજન્સીએ કહ્યું છે કે ફ્યુઅલ કંટ્રોલ સંબંધિત સ્વીચ પાછળથી ચાલુ કરવામાં આવી હતી, પરંતુ એક એન્જિનમાં ખામીને સુધારી શકાઈ નહતી.

રિપોર્ટ અનુસાર, વિમાન ટેકઓફ અને ક્રેશ વચ્ચે ત્રીસ સેકન્ડ સુધી હવામાં હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બંને પાઇલટ્સને ઉડાન ભરતા પહેલા આરામ કરવા માટે પૂરતો સમય મળ્યો હતો. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે વિમાનમાં ઇંધણ ભરવા માટે ઉપયોગમાં લેવાતા બોઝર અને ટાંકીમાંથી ઇંધણના નમૂના લેવામાં આવ્યા હતા અને તેનું ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન લેબોરેટરીમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને રિપોર્ટ સંતોષકારક મળ્યો હતો. તપાસ એજન્સીએ કહ્યું છે કે તમામ હિસ્સેદારો પાસેથી માંગવામાં આવેલા વધારાના પુરાવાઓની તપાસ કરવામાં આવશે.

અમદાવાદથી લંડન જઇ રહેલું આ વિમાન અમદાવાદ એરપોર્ટની બહાર સ્થિત બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલ પરિસરમાં ક્રેશ થયું હતું , જેમાં સવાર 242 લોકોમાંથી 241 લોકો માર્યા ગયા હતા. એક મુસાફર બચી ગયો હતો , નીચે જમીન પર રહેલા 19 લોકોએ સહિત કુલ 260 લોકોએ જીવ ગુમાવ્યા હતા.

દરમિયાન, એર ઇન્ડિયાએ કહ્યું છે કે તે તમામ નિયમનકારો અને પક્ષો સાથે નજીકથી કામ કરી રહી છે અને અમદાવાદ વિમાન દુર્ઘટનાની ચાલુ તપાસમાં અધિકારીઓને સંપૂર્ણ સહયોગ આપવાનું ચાલુ રાખશે.

---

# STATE TB

ગુજરાતમાં ટી.બી. ક્ષય રોગના નવા દર્દીઓની સંખ્યામાં 34 ટકા અને મૃત્યુદરમાં 37 ટકા ઘટાડો થયો છે. કેન્દ્ર સરકારના 'સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ ' શ્રેણીમાંગુજરાત પ્રથમ સ્થાને છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે યોજાયેલી બેઠકમાં રાજ્યમાં ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત થઈ રહેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાતને સંપૂર્ણ ટી.બી. મુક્ત બનાવવા અધિકારીઓને આંદોલન સ્વરૂપે કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. તેમણે અધિકારીઓને ક્ષય નિયંત્રણના કામમાં જરા પણ ઢીલાશ ન મુકવાનું સૂચવીને લક્ષ્ય પ્રાપ્તિ માટે ગંભીરતાથી કાર્ય કરવા તથા ટી.બી. અંગે લોકોમાં વધુમાં વધુ જાગૃતતા ફેલાવવા અપીલ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને ક્ષય નિર્મૂલન માટે આયોજનબધ્ધ કામ કરવાનું જણાવ્યું હતું. તેમણે ટી.બી.ના તમામ દર્દીઓ સુધી પોષણ કીટ પહોંચે તેવી વ્યવસ્થા ઉભી કરવા પણ સૂચવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં 2015ની તુલનામાં વર્ષ 2023માં ટી.બી.ના નવા દર્દીઓની સંખ્યામાં 34 ટકા અને મૃત્યુમાં 37 ટકા ઘટાડો આવ્યો છે , જેના માટે ભારત સરકાર દ્વારા ગુજરાતને 'સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ ' શ્રેણીમાં પ્રથમ સ્થાન આપ્યું છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ટી.બી.ના 65 હજાર 471 દર્દીઓ નોંધાયા છે.

---

# PURAK PARIKSHA PARINAM

રાજ્યમાં જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આજે સવારે આઠ વાગ્યે જાહેર કરાશે. વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **WWW.GSEB.ORG** પર પોતાનું પરિણામ જોઈ શકશે. ઉપરાંત વિદ્યાર્થીઓ વ્હોટ્સ એપ નંબર 63573000971 પર પણ પોતાનો પૂરક પરીક્ષા 2025નો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે, તેમ શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

---

# FOOT BALL

ભારતીય અંડર-20 મહિલા ફુટબોલ ટીમમાં રાજ્યની શુભાંગી સિંગ અને ખુશ્બુ સરોજની પસંદગી કરવામાં આવી છે.

આ બંને ખેલાડીઓ સહિતની મહિલા ફુટબોલ ટીમ એશિયન ફુટબોલ ચેમ્પિયનશીપ એશિયા કપ – 2026ના ભાગરૂપે ઉઝબેકિસ્તાન જવા રવાના થઈ છે.

તાપી જિલ્લાના સોનગઢની શુભાંગી સિંઘ અગાઉ અંડર 17 ફિફા મહિલા વિશ્વ કપ અને સાફ ચેમ્પિયનશીપમાં ભાગ લઈ ચુકી છે. જ્યારે અમદાવાદની ખુશ્બુ પણ ભારતીય અંડર 17 ટીમમાં તથા ફુટસાલની ભારતીય ટીમમાં સ્થાન મેળવી ચુકી છે.

---

# PRADHANMATRI AAVAS YOJNA-PORBANDAR

પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 અંતર્ગત મકાન બનાવવા ઓનલાઇન રજીસ્ટ્રેશન શરૂ થયું છે. જે અંતર્ગત પોરબંદર મહાનગરપાલિકામાં 170 અરજી આવી હતી. જેમાંથી 113 લાભાર્થીને સહાય પેટે 4-4 લાખ રૂપિયા મળશે. સરકારે આ વખતે આ યોજનામાં 50 હજારનો રૂપિયાનો વધારો કરી 4 લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે. જેને લઈ પોરબંદર મહાનગરપાલિકાના આસી. કમિશ્નર મનન ચતુર્વેદિ વધુ માહિતી આપી રહ્યા છે.

<u>બાઇટ : મનન ચતુર્વેદિ (આસી. કમિશનર મહાપાલિકા પોરબંદર)</u>

ઉલ્લેખનીય છે કે પોરબંદર વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના પહેલા તબક્કામાં 457 લાભાર્થીઓએ લાભ લીધો હતો. જે માટે અંદાજિત 15.99 કરોડ રૂપિયાની સહાય મળી હતી.

---

# BANASKANTHA JILLA COLLECTOR

બનાસકાંઠાના જિલ્લા કલેકટર મિહિર પટેલ દ્વારા તકેદારીના ભાગરૂપે જિલ્લામાં અલગ અલગ ટીમો બનાવી વિવિધ પુલોનું નિરીક્ષણ તથા સેફ્ટી ઓડિટ હાથ ધરાયું છે. આગામી એક મહિનામાં તમામ બ્રિજનું સેફ્ટી ઓડિટ પૂર્ણ કરી સરકારને રિપોર્ટ સબમિટ કરવામાં આવશે. કલેક્ટર મિહિર પટેલે ટેકનિકલ ટીમને

સાથે રાખી નેશનલ હાઈવે નંબર ૫૮ રતનપુર - મેરવાડા બ્રિજનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ તેઓ વધુમાં માહીતી આપી રહ્યા છે.

## બાઈટ- બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલ

આ સાથે જ પાલનપુર  પ્રાંત અધિકારી કમલ ચૌધરી સહિતના અધિકારીઓ અને ટેકનિકલ ટીમ દ્વારા વડગામ તાલુકામાં આવેલા સિસરાણા - ચિત્રોડા બ્રિજનું સ્થળ નિરીક્ષણ પણ કરાયું હતું.

---

## WEATHER

હવામાન વિભાગે આજે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. દરિયાકાંઠાએ **30થી 40** કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતાને લઈ માછીમારોને દરિયો ન  ખેડવા ચેતવણી અપાઇ છે. આ સાથે જ સૌરાષ્ટ્રમાં આવતીકાલથી વરસાદની તીવ્રતામાં વધારો થવાની શક્યતા છે. અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં ગઈકાલે સાંજે હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો.

ભારે વરસાદના કારણે ખાડા પડવાથી શહેરીજનોને વાહન વ્યવહારમાં અગવડતા ન તે માટે અલગ અલગ વિસ્તારોમાં રસ્તાઓના રીપેરીંગની  કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલ રસ્તાઓના મરામતની કામગીરી ચાલી રહી છે.

---